જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૨/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૬૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૮૯૯	૫૦	૮૩૯૪૯	૮૪૮૭૭	૪૬	૮૪૯૨૩
કુલ		૧૦૦૫૦૭	૫૦	૧૦૦૫૫૭	૧૦૯૪૧૪	૪૬	૧૦૯૪૬૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૪	૫,૧૮,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭૧	૧,૭૧,૦૦૦/-

પાસા અટકાયતીની વિગત

રાણીપ પોલીસ સ્ટેશનઃ (૧)

મિલ્કત સબંધી ગુના આચરતા આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુકમ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામા પકડાયેલ આરોપીઓ દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા નાઓ દ્વારા, દાખલ થયેલ મિલકત સબંધી ગુના (૧) નિકોલ પો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૫૨૨૦૦૮૮/૨૦૨૨ ઇપીકો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૨૩૪/૨૦૨૨ ઇપીકો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪, મુજબ તથા (૩) નરોડા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૨૦૨૧૦/૨૦૨૨ ઇપીકો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪, મુજબના ગુનાના કામે પકડાયેલ આરોપી નામે સુરજસીંગ ઉર્ફે લંબુ હરીસિંગ તોમર (રાજપુત) ઉ.વ ૨૬ રહે:બ્લોક નં એ/૧૦૩ ક્રીસ્ટલ રેસીડેન્સી, ભોજલધામ ની સામે કાનબા હોસ્પીટલ પાસે, નિકોલ અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૮૪/૨૦૨૨ તા-૨૨/૦૨/૨૦૨૨ ના રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૨૨/૦૨/૨૦૨૨ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧

(૨) અ.પો.કો. શૈલેષકુમાર મહાદેવભાઇ બ.નં.૯૭૫૪



રાણીપ પોલીસ સ્ટેશનઃ (૨)

મિલ્કત સબંધી ગુના આચરતા આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧, અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુકમ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામા પકડાયેલ આરોપીઓ દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા નાઓ દ્વારા, દાખલ થયેલ મિલકત સબંધી ગુના (૧) નિકોલ પો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૫૨૨૦૦૮૮/૨૦૨૨ ઇપીકો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૨૩૪ /૨૦૨૨ ઇપીકો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪, મુજબ તથા (૩) નરોડા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૨૦૨૧૦/૨૦૨૨ ઇપીકો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪, મુજબના ગુનાના કામે પકડાયેલ આરોપી નામે પ્રકાશભાઈ ઉર્ફે પકકો S/o ધાસીરામજી શંકરજી લખારા (મારવાડી) ઉવ.૪૪ ધંધોઃ વેપાર રહેવાસીઃ તેજાજી કાળુજી ની ચાલી, રામચંન્દ્ર કોલોની પાસે, ધી વાળી ચાલીની સામે, ચમનપુર, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૮૫/૨૦૨૨ તા-૨૨/૦૨/૨૦૨૨ ના રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તા-૨૨/૦૨/૨૦૨૨ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧

(૨) અ.પો.કો. શૈલેષકુમાર મહાદેવભાઇ બ.નં.૯૭૫૪



વાસણા પોલીસ સ્ટેશનઃ

મિલકત સંબંધી તથા શરીર સબંધી ગુનાઓમા પાસા અટકાયતી ની ધરપકડ કરતી વાસણા પોલીસ

મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, એમ-ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન તેમજ ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કે.જે.ઝાલા,વાસણા પોલીસ સ્ટેશન નાઓએ આપેલ સુચના આધારે વાસણા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલા મારામારી અને ઘરફોડ ચોરીના ગુનાઓના આરોપીને તેની આવી ગુનાહિત પ્રવૃત્તિ કરતા અટકાવવા સારુ તેની વિરુધ્ધ પાસા અટકાયતી જેવા પગલા લેવા માટે સુચના આપવામાં આવેલ જે આધારે આરોપી સન્ની સ/ઓ શૈલેશ ઉર્ફે સલીમભાઇ દંતાણી ઉવ.૧૯ રહેઃ કેશવાણીનગરના છાપરા, ન્યુ વાસણા,ભાઠાગામ વાસણા અમદાવાદ શહેર નાનો ગુનાહિત ઇતિહાસ ધરાવતો હોય તેની આવી અસામાજીક પ્રવૃત્તિઓ કરતા અટકાવવા સારુ આરોપી વિરુધ્ધમાં ધી ગુજરાત અસામાજીક પ્રવૃતી પ્રતિબંધ ધારા સને ૧૯૮૫ની કલમ ૩(૧) હેઠળ અટકાયતમાં લેવા મહે.પોલીસ કમિશ્નર શ્રી નાઓ પાસેથી પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/ પાસા/૧૮૩/૨૦૨૨ તા.૨૨/૦૨/૨૦૨૨ નો મેળવી સદરી પાસા અટકાયતી સન્ની સ/ઓ શૈલેશ ઉર્ફે સલીમભાઇ દંતાણી તા.૨૨/૦૨/૨૦૨૨ ના કલાક-૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે અટકાયતમાં રહેવા સારુ મોકલી આપવામાં આવેલ છે. તા.૨૨/૦૨/૨૦૨૨

કામગીરી કરનાર કર્મચારીઓ

(૧)અ.હે.કો. વિરેંદ્રસિંહ ઘનશ્યામસિંહ બ.નં.

(૨)અ.લો.૨ સુમિત બુધાભાઇ બ.નં.૧૨૩૯૬

(૩)અ.પો.કો સંદિપ વિજયકુમાર બ.નં.૧૦૨૯૨

(૪)અ.પો.કો વિજયભાઇ બનાભાઇ બ.નં.૧૧૮૨૪

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૬૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૫૯ લીટર દેશી દારૂ, ૧૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૯૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૨૧૫ બીયરટીન, ૦૨ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૬૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૩૬૬/૨૦૨૨**

કાલુપુરઃ દેવાંગભાઇ વિનોદકુમાર નાયક (ઉ.વ.૩૨)(રહે.તુલસી ક્યારાની ખડકી, તરગાડાવાડ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલુપુર) એ તા.૨૨/૦૨/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૧ સાંજના ૬/૧૫ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન અજાણ્યા મોબાઇલ નંબર ૯૫૯૮૭૭૨૬૩૫ ના ધારકે દેવાંગભાઇના મોબાઇલ ફોન ઉપર કોલ કરી પોતે આર્મી ઓફીસર તરીકે વાત કરી, મકાન ડીપોઝીટના રૂપિયા દેવાંગભાઇના પે-ટી.એમ. એકાઉન્ટમાં ઓનલાઇન ટ્રાન્સફર કરી આપવાની વાત કરી દેવાંગભાઇને વિશ્વાસમાં લઇ તેમના મોબાઇલ નંબર ઉપર ક્યુ.આર.કોડ મોકલી આપી રૂપિયા ૧૦,૦૦૦/- નું ત્રણ વખત ઓનલાઇન ટ્રાન્જેકશન કરાવી તેમના એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૩૦,૦૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૬૭/૨૦૨૨**

નિકોલઃ અજયસિંહ વિજેન્દ્રસિંહ કુશવાહ (ઉ.વ.૨૬)(રહે.રૂક્ષ્મણી બંગ્લોઝ, જયસુર્યનગરની સામે સેવન ડે સ્કુલની પાછળ, નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૨/૨૦૨૨ સાંજના ૭/૩૦ થી તા.૨૨/૦૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળૂ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

દાઝી જતા મૃત્યુ:- **સમાચાર યાદી નં.૩૬૮/૨૦૨૨**

સોલા હાઇકોર્ટ: મંજુલાબેન રાજુજી ઠાકોર(ઉ.વ.૪૭)(રહે.પટેલ વાસ ટીંબલીયા વાસ ચાંદલોડીયા ગામ) તા.૧૭/૦૨/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચુલા ઉપર તાપણી કરતા હતા ત્યારે તાપણીની જાળ પહેરલ કપડે લાગી જતા શરીરે દાઝી જતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુ:- **સમાચાર યાદી નં.૩૬૯/૨૦૨૨**

વાડજ: અનિતાબેન વા/ઓ નિષભાઇ મકવાણા (ઉ.વ.૨૨)(રહે.જય ચામુંડાની ચાલી રામાપીરનો ટેકરો નવા વાડજ) તા.૨૧/૦૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કપડા ધોતા હતા દરમ્યાન ઘરની બહાર લોખંડના તાર ઉપર કપડા સુકવવા જતા કરંટ લાગતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લાવતા તા.૨૧/૦૨/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગે ફરજ પરનાં ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૩૭૦/૨૦૨૨**

ઇસનપુર: વનિતાબહેન ભુપેન્દ્રભાઇ જાપડિયા (ઉ.વ.૧૬)(રહે.સ્લમ કવાર્ટસ મીરા સિનેમા પાસે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૨ બપોરના ૨/૫૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

રાણીપ: ફોરમબેન ડો/ઓ ગૌતમભાઈ ચાવડા (ઉ.વ.૧૭)(રહે.કલાપીનગર સોસાયટી અભયઘાટની સામે, ગાંધીઆશ્રમની બાજુમા, રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૨ સાંજના ૫/૧૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પંકજકુમાર પરષોતમભાઇ ચલાવે છે.

શહેરકોટડા: ક્રિષ્ણાબેન બાબુભાઇ પરમાર(ઉ.વ.૨૬)(રહે.આદેશ્વરનગર ખાડાવાળી ચાલી, નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સરસપુર આનંદચોક ખાતે આવેલ પોતાના પિતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.ડાભી ચલાવે છે.

સરદારનગરઃ મહેશભાઇ બાબુભાઇ ઘેચડા (ઉ.વ.૩૮)(રહે, "એફ" વોર્ડ, કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે કુબેરનગર "બી" વોર્ડ પોતાની ફોઇના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ છગનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.